| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૨/૦૧/૨૦૨૪ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ, ૪૨૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૪ બિયર ટીન, ૧ કાર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૧/૨૦૨૪

**સાયબર ક્રાઈમઃ** અખીલ સ/ઓ નિહાલચંદ મહેતા (ઉ.વ.૨૯) (રહે. સ્વરા ધ ઓર્બ સ્વસ્તીક સોસાયટી મેટ્રો પીલર-૨૦૦ સામે નવરંગપુરા) એ તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે અખીલ મહેતા "આર.ઓ." પ્લાન્ટની સાધન સામગ્રીનું વેચાણ કરતા હોઈ તા.૦૭/૦૧/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર (૧) ૭૬૪૦૮૬૬૮૪૭ (૨) ૮૪૮૬૧૨૦૮૪૪ અને (૩) ૯૦૯૧૦૫૦૭૫૭ ના ધારકે ફોન તથા વ્હોટ્સએપ મેસેજ કરી પોતાની ઓળખ ઈન્ડીયન આર્મી ડીપાર્ટમેન્ટમાંથી કૃણાલ ચૌધરી વાત કરતા હોવાનુ જણાવી "આર.ઓ" પાઈપ ખરીદ કરવાનું જણાવી કોટેશન મંગાવી ઓનલાઈન પ્રોસેસ કરાવી જુદા-જુદા બેંક ખાતાઓમાંથી ઈન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૫,૮૯,૪૯૮/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** સેજલ ડો/ઓ ભીખુભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. શાંતિવન સોસાયટી નિકોલ) એ તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૩ થી તા.૦૧/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન વોટસ એપ નંબર ૬૩૯૬૮૩૪૧૯૬૬૭ ના ધારકે તેમજ ટેલિગ્રામ યુઝર Divya jaiswal ના ધારકે સેજલ પટેલને ઘર બેઠા પૈસા કમાવવાનો મેસેજ કરી અલગ-અલગ ટાસ્ક આપી, ટાસ્ક પુરા કરાવી, ઇન્ટરનેટનાં માધ્યમથી સેજલ પટેલના બેંક ખાતામાં નાણાં ક્રેડીટ કરી વિશ્વાસમાં લઈ બીજા રૂપિયા ૨૭,૯૧,૫૭૫/- ના ટાસ્ક આપી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૨/૨૦૨૪</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** જયેશભાઈ પચાણભાઈ વાઘેલા (ઉ.વ.૨૮) (રહે. ભૈયાજીની ચાલી રામદેવ મંદિર સામે ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૪ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા ઘાટ નંબર-૧૬ પાસે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**વટવાઃ** ધર્મેન્દ્ર સ/ઓ અર્જુનલાલ ચૌધરી (ઉ.વ.૨૯) (રહે. શક્તિનગર રણછોડનગર સામે વિંઝોલ ક્રોસીંગ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી